## ૧૧.૭ જીવનને સજાવનારા ઉપદેશ નં. ૩

### સોબત તેવી નોબત...

'સુજન સંગતિ ઈશ સેવા.'

સુભાષિતમાં સુંદર મજાની વાત કહી છે કે સજ્જન કે સાધુસંતની સેવા કરવી તે ઈશ્વરની સેવા કરવા બરાબર છે. માટે સત્સંગનો મહિમા અદ્‌ભૂત છે. અત્તરનું એક બિંદુ જો કાગળના ફૂલ ઉપર પડે તો તે ફૂલને સુગંધમય બનાવે છે. ફૂંકાઈ ફૂંકાઈને ફેંકાઈ જતી સિગારેટ પળવાર માટે માનવને બહેકાવી જાય છે જ્યારે જાતને જલાવીને સુગંધને પ્રસરાવતી નાની અગરબત્તી મંદિરમાં કહેક મહેકાવી જાય છે. અન્નષ્ટ માણસના સત્સંગથી સામાન્ય જન સમાજ પણ સુગંધ યુક્ત થાય છે. જ્યારે દુર્જનના સંગથી સજ્જ પણ દુર્જન બની જાય છે. માટે હંમેશા સજ્જનોનો જ સંગ અને સત્સંગ કરવો જોઈએ. સજ્જન હંમેશા સત્યનું આચરણ કરે છે અને અન્યને પણ સત્યનો રાહ દેખાડતો હોય છે.

એકવાર એવો પ્રસંગ બન્યો કે એક પારઘી જંગલમાંથી બે પોપટ લાવ્યો. તેણે બોલવાની ટ્રેનિંગ કરવા માટે બે જગ્યાએ અલગ અલગ મૂક્યા. એક પોપટને કસાઈ ખાનામાં મૂક્યો અને બીજાને ઋષિ મુનિના આશ્રમમાં મૂક્યો. બંને પોપટ ત્યાં પોત પોતાના સ્થાનમાં કહીને ત્યાંની દિનચર્યા નિહાળીને અને ભાષાને સાંભળીને પોપટ સ્વયં બોલતા થઈ ગયા. પારઘીને અચાનક પૈસાની જરૂર પડી. પૈસા ક્યાંથી લાવવા તે વિચારમાં તેને યાદ આવ્યું કે મને આમ તો કોઈ પૈસા નહિ આપે પણ આ મારા બે પોપટ છે ને, તેને ક્યાંક વેચીને પૈસા લાવું. તે વેચવા માટે બંને પોપટને અલગ અલગ પાંજરામાં લઈને ચાર રસ્તા ઉપર ઊભો હતો. તે વખતે ત્યાંથી રાજાની સવારે પસાર થઈ રહી હતી. રાજાને પણ પક્ષી પાળવાનો બહુ શોક. ત્યાથી પસાર થતાં રાજાની નજર આ બે પોપટ ઉપર પડી. રાજાને તે બહુ ગમી ગયા. પારઘીને બંનેની કિંમત પૂછી. રાજાએ ત્યારે તેને એક પોપટની કિંમત (૧૦૦૦) એક હજાર અને બીજાની કિંમત ૧૦૦૦૦૦(એક લાખ) કહી ત્યારે રાજાએ તેનું રહસ્ય પૂછ્યું ત્યારે પારઘીએ રાજાને કહ્યું : 'આપને થોડા સમયમાં જ આનું રહસ્ય આપેમળે જ સમજાઈ જશે. મારે બોલવાની જરૂર નથી.' રાજાએ પોતાના દ્વારપાલને બોલાવી બંને પોપટના પાંજરાઓ પોતાના શયનકક્ષમાં શૈયાની બાજુમાં જ મૂકાવી દીધા. બીજા દિવસે સવારનાં ઊઠીને રાજાએ એક પાંજરા સામે જોયું તો તે અશ્લિલ ગાળો અને મારો કાયો એમ જોર જોરથી ચિલ્લાવી રહ્યો હતો. જ્યારે બીજા પાંજરાનો પોપટ સામે જોયું તો તે સુમધુર સંગીતમાં શ્લોકો અને સુભાષિતો બોલતો હતો. ત્યારે જે રાજાને બંનેના મૂલ્યોનો તફાવત સમજાઈ ગયો. અશ્લીલ ગાળો બોલનાર પોપટ પ્રત્યે રોષ ભરાઈને રાજાએ સૈનિકોને તેને મારી નાંખવા માટે આજ્ઞા કરી. ત્યારે સૈનિકોને તેને મારી નાંખવા માટે આજ્ઞા કરી. ત્યારે સાત્ત્વિક પોપટ બોલ્યો : રાજા સાહેબ, એને મારો નહિ એણે જે પ્રમાણે સાંભળ્યું છે તે પ્રમાણે બોલે છે તેમાં તેનો કોઈ વાંક કે ગુનો નથી. કારણ કે તે કસાઈના ઘરે હતો તેથી તે રોજ હલકી ગાળો સાંભળતો. મારો કાપો સિવાય ત્યાં બીજું  કાંઈ સાંભળવા ન મળતું. માટે તે પોપટ આ ભાષા બોલે છે અને હું ઋષિ મુનિના આશ્રમમાં હતો. તેથી મુનિના મુખમાંથી નીકળતા મધુર વચનનો રસાસ્વાદ માણતો. માટે મહારાજ આમાં તે પોપટનો કોઈ દોષ નથી કે મારામાં કોઈ વિશેષ ગુણ નથી. પણ સંસર્ગથી જ ગુણ અને દોષોનું નિર્માણ થાય છે. આપણે ત્યાં કહેવત પ્રચલિત છે કે સંગ તેવો રંગ. સોબત તેવી નોબત. આ કહેવાતો આ જ વાતનું સમર્થન કરે છે.

**સજ્જનોના સત્સંગથી જીવન વિકાસના કમળો ખીલી ઊઠે છે. પણ ધગધગતા લોખંડના ટુકડા પર પડેલ પાણીનું નામ પણ જણાતું નથી. તેમ કદાચ તે જ પાણી જે કમળના પત્ર ઉપર પડ્યું હોત તો મોતીના દાણાની જેમ શોભી ઊઠી અને એજ પાણી સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની છીપની વચમાં પડ્યું હોત તો મોતી થઈ જાય છે**